| પૂરક પ્રશ્ન ક્રમાંક | અગ્રતા ક્રમ –૧૦<br>પુરક પ્રશ્ન આપેલ ધારાસભ્યશ્રીનું નામઃ– શ્રી સંજયભાઇ કોરડીયા–જુનાગઢ |
|---|---|
| પ્રશ્ન–૧ | સરકારશ્રી ધ્વારા કોન્ટ્રાકટરને પસંદ કરવા માટે જોઇન્ટ વેન્ચર રાખવા માટેના માપદંડો કયા છે અને કેટલી રકમ માટે જોઇન્ટ વેન્ચરને માન્ય રાખવામાં આવે છે અને તેનાથી કયા ફાયદા થાય છે ? આ કામમાં કોઈ જોઇન્ટ વેન્ચર વાળી કંપની હોય તો તેની વિગત આપવી. |
| જવાબ–૧ | ➢ સંયુક્ત સાહસ (JV) એ એક એવી વ્યવસાયીક વ્યવસ્થા છે જેમાં બે કે તેથી વધુ એજન્સી ચોક્કસ કાર્ય પૂર્ણ કરવાના હેતુસર તેમના સંસાધનોને એકત્ર કરી કામ કરવા સંમત થાય છે. આમ, એક કરતા વધુ બીડર સંયુકત રીતે ટેન્ડર ભરે તેને જોઇન્ટ વેન્ચર કહેવામાં આવે છે.<br>➢ હાલના પ્રવર્તમાન ધોરણો મૂજબ માર્ગ અને મકાન વિભાગમાં રૂ.૫૦ કરોડથી વધુ રકમના કામો માટે એક થી વધુ ફર્મ સંયુકત રીતે ટેન્ડર ભરી શકે તેવી જોગવાઇ અમલમાં છે.<br>➢ પ્રવર્તમાન જોગવાઇ અનુસાર મહત્તમ ત્રણ બીડર સંયુકત ભાગીદારી અન્વયે ટેન્ડર ભરી શકે છે.જેમાં મુખ્ય ભાગીદારને લઘુત્તમ ૫૧ ટકા નાણાંકીય ભાગીદારી અને અન્ય ભાગીદારોને લઘુત્તમ ૨૦ ટકા નાણાંકીય ભાગીદારી રાખવાની રહેશે તથા કોઇ એક બીડર અન્ય સાથે જોઇન્ટ વેન્ચર કરી એક કરતા વધારે બીડ ભરી શકે નહી.<br>➢ જોઇન્ટ વેન્ચરમાં વાર્ષિક ટર્ન ઓવરનો માપદંડ મુખ્ય ભાગીદારને ૫૧ ટકા તથા અન્ય ભાગીદારોને ૩૦ ટકા વાર્ષિક ટર્ન ઓવરનો માપદંડ તથા સંયુકત રીતે ૧૦૦ ટકા વાર્ષિક ટર્ન ઓવરનો માપદંડ પરિપૂર્ણ કરવાનો રહેશે. તેવી જ રીતે અન્ય તાંત્રિક અનુભવો માટે પણ માપદંડની જોગવાઇ કરવામાં આવેલ છે.<br>➢ જોઇન્ટ વેન્ચરથી સરકાર પક્ષે મોટા કામોમાં સ્પર્ધાત્મક ટેન્ડર થતા ટેન્ડરના ભાવો વ્યાજબી આવે છે અને સરકારીની તિજોરીને ફાયદો થાય છે. તદ્ઉપરાંત ભાગીદાર કંપનીની ભવિષ્યની કાર્યક્ષમતામાં વધારો થવામાં મદદરૂપ બને છે.<br>➢ આ કામમાં કુલ ૩ પેકેજમાં જોઇન્ટ વેન્ચર કરેલ એજન્સીને કામ સોંપેલ છે. જેમાં (૧) પેકેજ–૧ માં સ્ટેટ કન્સ્ટ્રકશન ઈન્ટિગ્રેટેડ વર્કર્સ ઓફ એડમેનીસ્ટ્રેટીવ ડીપાર્ટમેન્ટ ઓફ વરખોવના રાડા ઓફ યુક્રેઇન, જે.વી. માધવ ઇન્ફ્રા પ્રોજેક્ટ્સ લિ. અને એમ.એસ.ખુરાના એન્જીનીયરીંગ લિ. (૨) પેકેજ–૩ અને ૫ માં વરાહા ઈન્ફ્રા પ્રા. લી. અને જીયાંગ્ક્ષી કન્સટ્રકશન એન્જીનીયરીંગ(ગ્રુપ) કંપની લીમીટેડને જોઇન્ટ વેન્ચર તરીકે કામ આપેલ છે. |